# <u>ખેડૂત ઉપયોગી ભલામણ</u>

કીટકશાસ્ત્ર વિભાગ, ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી ખાતે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના 'મોજણી અને નિગાહ આધારિત પાક રોગ જીવાત પૂર્વાનુમાન પધ્ધતિ' હેઠળ નવસારી, વલસાડ તેમજ સુરત જીલ્લામાં આંબામાં ભૂકીછારાનો તેમજ દિવેલાના પાકમાં ડોડવા કોરી ખાનાર ઈયળનો ઉપદ્રવ માલુમ પડેલ છે. આ રોગ તેમજ જીવાતના નુકશાનથી બચવા માટે ખેડુતોને નીચે મુજબના પગલા હાથ ધરવા જણાવવામાં આવે છે.

**આંબાનો ભૂકીછારાની ઓળખ અને તેનુ નિયંત્રણઃ**

રોગની શરૂઆતમાં મોરની દાંડી પર સફેદ છારીના ધાબા જોવા મળે છે જે પાછળથી બદામી રંગના થાય છે તેમજ અસરગ્રસ્ત મોરનો ભાગ સુકાઈને ભૂખરો થઈ જાય છે. રોગનું પ્રમાણ વધતા નાના ફળ, કૂમળા પાન તેમજ પર્ણદંડ પર પણ સફેદ છારી દેખાય છે. આ રોગને પરિણામે મોર તેમજ નાના મરવા ખરી પડતા હોવાથી મહતમ નુકશાન થાય છે. આ રોગના નિયંત્રણ માટે મોર નીકળવાની શરૂઆત થયેલ હોય તેમજ કળીઓ ખીલતી હોય ત્યારે અગમચેતીના ભાગરૂપે (પ્રોટેકટીવ મેજર્સ) વેટેબલ સલ્ફર ૫૦% વે. પા. ૩૦ ગ્રા. ૧૦ લી. પાણીમાં ભેળવીને છંટકાવ કરવો તેમજ ફૂલ ખીલી ગયા હોય ત્યારે ભૂકી છારો જણાય તો ડીનોકેપ ૪૮ ઈ. સી. ૧૦ મિ. લિ. અથવા હેકઝાકોનાઝોલ ૫ ઈ.સી. ૧૦ મિ. લિ. અથવા કાર્બેન્ડાઝીમ ૫૦% વે. પા. ૫ ગ્રામ દવા ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

**દિવેલાના ડોડવા કોરી ખાનાર ઈયળનુ નુકશાન અને તેનુ નિયંત્રણઃ**

ઈયળ આછા બદામી કે ગુલાબી રંગની હોય છે તેમજ તેના શરીર પર નાના વાળ આવેલા હોય છે. ઈયળો કુમળા ડોડવામાં કાણું પાડી અંદર દાખલ થઈ ડોડવાને કોરીને દાણા ખાયને નુકશાન કરે છે તેમજ નુકશાન દરમ્યાન આજુબાજુના ડોડવાને હગાર અને રેશમી તાંતણાઓના જાળાં વડે જોડી દે છે. આ ઉપરાંત ઈયળ ડુંખો તેમજ કૂમળી ડાળીઓને પણ કોરીને નુકશાન કરે છે.

આ જીવાતના નિયંત્રણ માટે મોટી ઈયળોનો હાથથી વીણીને નાશ કરવો તેમજ રાસાયણિક નિયંત્રણ માટે કલોરપાયરીફોસ ૨૦ ટકા ઈસી ૨૫ મી.લી અથવા કવીનાલફોસ ૨૫ ટકા ઈસી ૨૦ મી. લી. અથવા ડાયકલોરવોસ ૭૬ ઈસી ૭ મીલી દવા ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો. જરૂર જણાયતો ૧૫ દિવસના એતરે આ દવાઓનો વારાફરતી છંટકાવ કરવો.



**આંબાંના મોર પર ભુકીછારાની સફેદ ફુગ**





**દિવેલાના ડોડવા કોરીખાનાર ઈયળનુ નુકશાનઃ**